ગાંધીનગર સમાચાર

તા. ૨-૪-૨૦૧૫, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# નવો આતંકવાદ અને સંગઠિત ગુનાખોરી વિરોધી કાયદો

ગુજરાતની ભાજપ સરકાર માટે અગાઉ બબ્બે ત્રણ-ચાર વખત રાષ્ટ્રપતિઓ દ્વારા પાછો મોકલાવેલો આતંકવાદ વિરોધી ખરડો પસાર કરાવવો એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. ગુજરાત રાજય મહારાષ્ટ્રના 'મકોકા' જેવો કડક આતંકવાદ વિરોધી કાયદો ઘડવા કૃતસંકલ્પ હતી, એથી ૨૦૦૪માં 'ગુજરાત કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ' 'ગુજકોક' ના મિતાક્ષરી નામે ઓળકાતો કાયદો ઘડીને રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલી આપ્યો હતો જે તત્કાલીન ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામે ખાસ નોંધ સાથે પરત મોકલી આપ્યો હતો. એમણે ખરડાની કલમો ૧૪ થી ૧૬ પર પુનર્વિચારણા કરી એ કલમો રદ કરવાનો આદેશ પાઠવ્યો હતો. ૨૦૦૮માં એ જ કાયદો ફરી વાર રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલાવાયો ત્યારે પ્રતિભા પાટીલ રાષ્ટ્રપતિ પદે બિરાજમાન હતા. એમણે ગુજરાત સરકારને આ ખરડાની કલમ ૧૬, ૨૦(૨) અને ૨૦(૪) ને વાંધાજનક ગણાવીન તેના પર પુનર્વિચારણા કરવાં સૂચન કર્યું હતું. આમ બે રાજયપાલો અને બે રાષ્ટ્રપતિઓએ વાંધાજનક ગણાવી પરત મોકલાવેલ અર્થાત નામંજૂર ઠરાવેલ કાયદાને ફરી પાછા નવા રંગરુપમાં, નવા નામકરણ સાથે ગુજરાતની વર્તમાન સરકારે 'સર્વ સંમતિ'થી પસાર કરીને રાજ્યપાલ તથા રાષ્ટ્રપતિની મંજૂરી માટે મોકલવાનો હઠાગ્રહ રાખ્યો છે. કોંગ્રેસના ધારાસભ્યોએ સૂચિત વાંધાજનક ખરડાના મતદાનમાં ગેરહાજર રહી વિરોધ નોંધાવ્યો એથી વિધાનસભાએ એ ખરડો વિના વિરોધે પસાર કરી દીધો છે. રાષ્ટ્રપતિઓએ સૂચવેલા સુધારા આમેજ કર્યા વગર રજૂ કરેલ ખરડા સામે કોંગ્રેસનો વિરોધ વાજબી જ લાગે. બીજી તરફ નવા ખરડામાં 'આતંકવાદ' શબ્દનો ઉમેરો કરી ભાજપ સરકારે પોતે ગુજરાતમાં થતી આતંકવાદી અને સંગઠીત ગુનાઓ સહિતની પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવા માટે આવો કડક કાયદો જરુરી હોવાનું વલણ અપનાવ્યું છે, જે પ્રજાને દેખીતી રીતે આકર્ષનારું છે. મહારાષ્ટ્રમાં આ પ્રકારનો કાયદો અમલી બનાવી શકાયો હોય તો ગુજરાતમાં કેમ નહીં? આતંકવાદી અને ગુનાઈત પ્રવૃત્તિઓ કરનારા લોકો સામે સરકાર પોલીસને થોડી વધારે સત્તા આપવા માંગતી હોત તો એમાં ખોટું શું છે? પ્રજા માનસમાં આનંદીબેન પટેલની સરકારના આ કાયદા વિશે ભાગ્યે જ કોઈ મતમતાંતર હશે. પરંતુ 'બિટવિન ધ લાઈન્સ' વાંચનારા તજજ્ઞોને આ કાયદામાં માનવ અધિકારોનું હનન થતું વરતાશે. અત્યારે પ્રવર્તમાન ક્રિમીનલ પ્રોસીજર કોડ મુજબ ગંભીર પ્રકારના ગુનાઓમાં પોલીસ તપાસ પુરી કરી ચાર્જશીટ દાખલ કરવા માટે ૯૦ દિવસનો સમયગાળો વધારીને ૧૮૦ દિવસ એટલે કે છ માસ જેટલો રહેશે. એ જ રીતે નવા આતંકવાદ વિરોધી ધારામાં પોલીસને ફોન આંતરવાની અને એને અદાલતમાં પુરાવા તરીકે રજૂ કરવાની જોગવાઈ પણ રહેશે. તદુંપરાંત પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ કક્ષાના અધિકારી સમક્ષ આરોપી દ્વારા કોઈ પણ કબૂલાત કરી હશે તે પણ કોર્ટમાં પુરાવા તરીકે માન્ય ગણાશે. આ નવા કાયદા હેઠળ ગંભીર ગુનાઓ સામે કામ ચલાવવા માટે ખાસ અદાલતો સ્થાપવાની જોગવાઈ પણ કરાશે. કાયદાની કલમ ૨૦(૪) મુજબ આવી ખાસ અદાલતોએ આરોપીન જાત મુચલકા કે જામીન પર મુક્ત કરે એ પહેલાં પબ્લિક પ્રોસિક્યુટરની રજૂઆત સાંભળવાની રહેશે. 'ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈણ' (જીસીટીઓસી) ૨૦૧૫' રજૂ કરવા પાછળ આનંદીબેન પટેલની સરકારનો એક હેતુ તો દેખીતી રીતે કડક આતંકવાદ તથા ગુનાખોરી વિરોધી કાયદો લાવવાનો છે, સાથે જ એમાં કેન્દ્ર સરકારમાં સર્વોચ્ચ સ્થાને બિરાજમાન પૂર્વ મુખ્યમંત્રીશ્રીના અધૂરા રહી ગયેલા સપનાનો પૂરું કરવાનો 'શુભ ઈરાદો' પણ છે. ઉપરવાળાના ચારે હાથ હોઈ આ કાયદા પર રાષ્ટ્રપતિ સહી કરી જ દેશે, એવી આશા સાથે રાજય સરકારે આ સાહસ ખેડયું છે. અત્યારે રાજય સરકાર ચોતરફ અનુકૂળતા જ અનુકૂળતા છે. રાષ્ટ્રપતિ એકલા જ મૂળ કોંગ્રેસી હોવાને લીધે વાંધો ઉઠાવે, એવી શકયતા ખરી પરંતુ બંધારણની રૂએ રાષ્ટ્રપતિને મંત્રીમંડળની સલાહ મુજબ વર્તવાનું હોવાથી એ મુદ્દે પણ રાજય સરકારને છૂપો ગ્રીન સિગ્નલ મળી ગયો હોય એવી પૂરી સંભાવના છે.

# લગ્નની સુવર્ણ જયંતિએ અગિયાર વડીલ દંપતિઓએ ફરી પ્રભુતામાં પગલા પાડ્યા

## સિનિયર સિટિજન કાઉન્સિલના અમૃત મહોત્સવમાં લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૧૧ દંપતિઓ માટે લગ્નનો માહોલ ખડો કરાયો : લગ્નગીતોના સથવારે એકબીજાને વરમાળા પહેરાવી : ૭૫ વર્ષથી વધુ વયના સભ્યોનું પણ સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૧

એવું કહેવાય છે કે જીવનમાં જન્મ મૃત્યુ અને લગ્ન એ નિયતી દ્વારા નિશ્ચિત કરાયેલ હોય છે. આજના યુગમાં જ્યાં લગ્ન સંસ્થા તુટવા ભણી ઘસી રહી હોય તેવો માહોલ સર્જાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગમરાં બનેલી એક ઘટનાએ ભારે કુતુહુલ સાથે ફરી લગ્ન સંસ્થામાં વિશ્વાસ ટકે તેવો ભાવ ઉભો કર્યો છે. સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા યોજાયેલ 'અમૃત મહોત્સવમાં' લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર ૧૧ દંપતિઓ માટે ફરીથી લગ્નનો માહોલ ખડો કરાયો હતો.





(તસવીર : કશ્યપ નિમાવત)

જેમાં મંગલાષ્ટકના ગાન સાથે દંપતિઓએ એકબીજાને ફૂલહાર પહેરાવી મધુર યાદોને ફરી માણી હતી.

સામાન્ય રીતે ૩૧મી માર્ચ એ નાણાંકીય હિસાબો પૂર્ણ કરી સરવૈયુ તૈયાર કરવાનો દિવસ મનાય છે. પરંતુ આ વર્ષે આ દિવસે સિસિકાના વડીલ દંપતિઓ માટે સહચર્યના વર્ષોનો હિસાબ કિતાબ માંડવાળ કરી ફરી નવા નામાનો પ્રારંભ કરવાનો દિવસ બની રહ્યો હતો. ૫૦-૫૦ વર્ષ સુધી જે યુગલો લગ્નજીવન પ્રેમ અને વિશ્વાસ સાથે સમજણ ઉમેરી જીવનના ચોપડે ખુશાલીનો નફો વધારતા રહ્યાં તેમને કાઉન્સિલ દ્વારા અનોખી રીતે સન્માનવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૧ વયોવૃદ્ધ દંપતિઓએ મહિલા પાંખની બહેનો દ્વારા ગવાતા મંગલાષ્ટકના લગ્નગીતોના સુમધુર ગુંજન વચ્ચે ફરીથી એકબીજાને વરમાળા પહોરાવી રહ્યા હતા. તે દૃશ્યએ ઉપસ્થિત તમામને ભાવવિભોર કરી દીધા હતા. આ વિશિષ્ટ કાર્યક્રમના આયોજન માટે આયોજકો પર અભિનંદની જોરદાર વર્ષા થવા પામી હતી અને દંપતિઓ માટે લગ્નજીવનની સુવર્ણ જયંતિ યાદગાર બની ગઈ હતી.

અમૃત મહોત્સવમાં સિસિકાના ૩૭ સભ્યો જેમણે જીવનના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે તેમનું અને ૨૨ મહિલા સભ્યો જેમણે જીવનના ૭૦ વર્ષ પૂર્ણ કર્યા છે તેમનું પણ શાલ, ખેસ, પ્રશસ્તિપત્ર અને પુષ્પગુચ્છ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કાઉન્સિલના મંત્રી સહિત તમામ કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## હરિની દૃષ્ટિ...




પપ્પા એપ્રિલ ફૂલ નથી બનાવતો... કાલે તમે બેંકમાં ભરવા આપેલા પૈસા મેં અને મારી ફ્રેન્ડે, મુવી અને પીઝામાં વાપરી નાખ્યા છે...!!

# 'આશા' નાટક રજૂ કરી બાળ લગ્ન નાબૂદીનો સંદેશ પાઠવ્યો

## લોક વિકાસ ટ્રસ્ટે મહિલા સશકિતકરણ હેઠળ કાર્યક્રમનું આયોજન કર્યું : ઉવારસદ પ્રાથમિક શાળા ૧ અને ૨ના વિદ્યાર્થીઓએ અભિનય કર્યો

ગાંધીનગર, તા.૧

બાળલગ્ન કરવાથી અનેક દિકરીઓનું જીવન નર્કમાં ધકેલાઈ જાય છે. દીકરીઓને પોતાની રમવાની ઉંમરમાં ઘરકામનો ભાર માથે આવી જાય છે. બાળલગ્ન એ કુપ્રથાને ઉવારસદ કુમાર અને કન્યા શાળાના વિદ્યાર્થીઓએ રજુ કરી સંદેશો આપ્યો હતો.

ગાંધીનગરમાં બાળલગ્ન નાબૂદી સહિતના કાર્યો કરતી લોક વિકાસ ટ્રસ્ટ દ્વારા મહિલા સશકિતકરણના ભાગ રૂપે નાટક રજુ કરવામાં આવ્યું હતું. બાળ લગ્નને નાબૂદી માટે સંદેશો આપતું 'આશા' નાટકમાં ઉવારસદ શાળા નં.૧ના વિદ્યાર્થીઓએ અભિનય કર્યો હતો. પોતાની રમવાની ઉંમરમાં સાસરે વળાવેલી દિકરીને એક મહિલા પી.આઈ. નર્કમાંથી ઉગારે છે. અને બાળ લગ્ન કરાવનારને જેલના સળિયા પાછળ ધકેલી દે છે. આ કાર્યક્રમમાં શાળાના ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ગામના અગ્રણીઓ અને શિક્ષક ગણે બિરદાવી વિદ્યાર્થીનીઓના અભિનયને વખાણ્યો હતો.

# અમદાવાદમાં પ્રભુ ઈસુના દરબારમાં ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૧

ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી દ્વારા મેઝીલીન ક્રિશ્ચિયન નિર્મિત, મેગીંસ કમ્યુનીકેશન પ્રસ્તુત, ડાયરાનો એક અનોખો કાર્યક્રમ 'પ્રભુ ઈસુના દરબારમાં' તા. ૪ થી એપ્રિલ-૨૦૧૫ના શનિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન અમદાવાદ ખાતે યોજાશે.

'પ્રભુ ઈસુના દરબારમાં' પ્રસ્તુત ડાયરામાં ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર-તત્વચિંતક શ્રી શાહબુદ્દિનભાઈ રાઠોડ પ્રભુ ઈસુના જીવનકવન અંગેની વાત પોતાની આગવી શૈલીમાં પ્રસ્તુત કરશે. જ્યારે કથાકાર ફાધર ઈગ્નાસ પોતાના કલાવૃંદ સાથે 'ઈસુ કથા' રજુ કરશે. આ ઉપરાંત પ્રભુ ઈસુના જીવનકવન અંગેનો દૃશ્ય-શ્રાવ્યનો કાર્યક્રમ અમદાવાદના ચર્ચના ધર્મજનો દ્વારા રજુ થશે.

ગુડ ફ્રાઈડેના પાવન પર્વના આ ડાયરામાં અતિથિ વિશેષ તરીકે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ગઢવી ખાસ ઉપસ્થિત રહેશે. વિના મૂલ્ય પ્રવેશના આ કાર્યક્રમમાં નગરના સહુ રસિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું છે.

# ગાંધીનગરમાં પાંચમી એપ્રિલે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે પુસ્તકોના આદાન પ્રદાનના સેતુ રૂપ પુસ્તક પરબનો કાર્યક્રમ છેલ્લા સવા વર્ષથી યોજાય છે. તા. ૫-૪-૨૦૧૫ રવિવારે સવારે ૭.૩૦ થી ૯.૦૦ વાગ્યા દરમિયાન ઘ-૪ સર્કલ, ઉદ્યોગ ભવન પાસે ગાંધીનગર ખાતે પુસ્તક પરબ યોજાનાર છે.

માતૃભાષા અભિયાન અમદાવાદના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગમાં આ પુસ્તક પરબ યોજવામાં આવે છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ વધે, સારાં પુસ્તકો, સારા સાહિત્યનો સમાજમાં પ્રસાર થાય, વિદ્યાર્થીઓ યુવા પેઢીમાં વાંચનની ટેવ વિકસે એવા ઉમદા હેતુથી પુસ્તક પરબ યોજવામાં આવે છે. ગુજરાતભરમાં વિવિધ કેન્દ્રો ખાતે આ કાર્યક્રમ યોજાય છે. પુસ્તક પરબની મુલાકાતે આવનાર વ્યકિત ઉપલબ્ધ પુસ્તકોમાંથી કોઈ પણ બે પુસ્તક તથા બે સામયિક વિના મૂલ્યે ભેટમાં વાંચવા લઈ જઈ શકે છે. પુસ્તક પરબ પુસ્તકોના આદાન પ્રદાન માટે ઉપયોગી સેતુ સાબિત થઈ રહેલ છે. ગાંધીનગરના ઘણા મહાનુભાવો પુસ્તક પરબ માટે પુસ્તકો દાનમાં આપીને આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરી રહ્યા છે. પ્રતિ માસ લગભગ ૧૦૦ ઉપરાંત વ્યકિતઓ મુલાકાત લઈ અંદાજે ૨૫૦ ઉપરાંત પુસ્તકોનું આદાન પ્રદાન કરે છે.

આ પુસ્તક પરબનો લાભ લેવા પરબના સહયોગીઓ સર્વશ્રી પ્રજ્ઞા પટેલ, આશાબેન સરવૈયા, કિશોર જિકાદરા, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત વગેરે મિત્રો તરફથી હાર્દિક નિમંત્રણ છે.

# "દિલને ફિર યાદ કિયા..." શિવરંજની આયોજિત, 'ઓલ ટાઈમ હીટ' હિન્દી ફિલ્મી ગીતોના ગુલદસ્તા સમો કાર્યક્રમ

ટહૂકાર - પ્રકાશ લાલા

દિલને ફરીને ફરીને યાદ કરવાનું - ગાવા - ગુનગુનાવાનું ને સાંભળ્યા કરવાનું મન થાય તેવાં, હિંદી ફિલ્મોનાં સદાબહાર ગીતોના "ગુલદસ્તા" સમો કાર્યક્રમ એટલે સૂર-બંદગી, સૂર-ધૂનને સમર્પિત ગાંધીનગરની કલાસંસ્થા 'શિવરંજની' આયોજિત કાર્યક્રમ 'દિલને ફિર યાદ કિયા...'

લતા મંગેશકર, આશાજી, ગીતા દત્ત, મહંમદ રફી, મુકેશ, મન્ના ડે જેવા દિગ્ગજ પ્લેબેંક સિંગર્સના કંઠે ગવાયેલા સાત-આઠ દાયકાઓ પછી આજે પણ કાને પડતાં જ હૃદયને રોમાંચિત કરી મૂકે, દિલને શીતળતા બક્ષી જાય તેવા બોલીવુડના 'ઑલ ટાઈમ હીટ નંબર્સ'ની અદલોઅદલ રજૂઆતથી ભર્યો ભર્યો પ્રોગ્રામ એટલે શિવરંજની, ગાંધીનગર આયોજિત સુપરડુપર કાર્યક્રમ 'દિલને ફિર યાદ કિયા...'

ગ્રીષ્મની ગરમાગરમ રાતને ભીની ભીની - ઠંડી ઠંઠી બનાવવામાં સફળ રહ્યો, તા. ૨૮મી માર્ચ રવિવારના યાદગાર આ કાર્યક્રમમાં અને ગાંધીનગરના સંગીતરસીકો સમક્ષ કદાચ પહેલી જ વાર પોતાના કંઠનાં કામણ પાથરનાર; કલાકારો સર્વશ્રી સલીમ મલીક, ચિરાગ દેસાઈ અને પ્રિયંકા બાસુ તથા આપણા માટે જરાય અજાણ્યાં નહીં તેવાં કલાકારો ડૉ. ફાલ્ગુની ડૉકટર પોતપોતાની જાનદાર - શાનદાર પ્રસ્તુતિ દ્વારા પ્રેક્ષકોને આકર્ષી ગયા... તે પછી તો "જૈસે જૈસે ગીતોંકી બૌછાર હોતી ગઈ.... મહેફિલ-એ-સંગીત - મદહોશી કા માહૌલ બનતા ચલા..."



પરફેકશન અને પૂરી પ્રેક્ટિશ સાથે પ્રેક્ષકોના દિલનું રંજન કરવામાં કંઈ કસર ન છોડવાની નેમ સાથે આવેલા આ 'ફ્રેશ' કલાકારોનો મેલોડિયસ વોઈસ દ્વારા ગળાતા પ્રત્યેક ગીતને મળતી પ્રચંડ દાદની તાળીઓથી ટાઉનહોલ ગૂંજતો રહ્યો ને... એનાથી પોરસાતા ગાયકો પછીની રજૂઆત વધુ દમદાર બનાવતા રહ્યા... આમ ગાયકોને કદરદાન પ્રેક્ષકો વચ્ચે ગાયિકી ને દાદની સ્પર્ધા જામી હતી!!

ફાલ્ગુની બહેનના સૂરીલા સ્વરે મા શારદા ને વિઘ્નહર્તા ગણેશજીની સ્તુતિના શ્લોકગાન સાથે પડદો ખુલે છે ને પછી તો છેક સમાપન સુધી એકધારાં, એક એકથી ચડિયાતાં ઓલ ટાઈમ ફેવરિટ હિંદી ફિલ્મી ગીતોની જાણે અવિરત ધારા વહી ચાલે છે જાણે કે બંધ આંખે એમપી-૩ સીડી સાંભળતા હોઈએ!

આપણા માટે પહેલીવાર જેને સાંભળવા - માણવાનો પ્રસંગ હતો તે યુવા - હેન્ડસમ - હસમુખા ગાયક ચિરાગ દેસાઈએ 'તુમ મુજે યું ભૂલા ન પાઓગે... જબ કભી ભી સુનોગે ગીત મેરે...' પ્રસ્તુત કરી પ્રેક્ષકોના દિલમાં કદી ન વિસરાય તેવી જગા બનાવી દીધી હતી... તો પછી રજૂ થયાં પ્રિયંકા બાસુ... અમદાવાદમાં વર્ષોથી 'કલબ શિવરંજની' નામે સંગીત સંસ્થા - મ્યુઝિક કલાસ ચલાવતાં અને અચ્છાં કોમ્પિયર બહેન પ્રિયંકા બાસુએ પણ એવું જ ચિર-સ્મરણીય ગીત 'આગે ભી જાતે ના તુ... પીછે ભી જાને ના તુ... બસ યહી એક પલ હૈ... કર લે પૂરી આરઝૂ...' બખુબીથી પેશ કરી સૌને મ્યુઝિકલ ટ્રાન્સમાં લઈ લીધા હતા... તો આગે ભી ડૉકટર ઔર પીછે ભી ડૉકટર એવાં, વ્યવસાયે ગાયનેકોલોજીસ્ટ ડૉકટર ફાલ્ગુનીબહેન ડૉકટરે પણ લતાજીનું દર્દીલું ગીત, 'બચપન કી મહોબત કો તુમ દિલ સે ના જુદા કરના... જબ યાદ મેરી આયે મિલને કી દુઆ કરના...' એટલી જ નજાકત ને સહજતાથી ગાઈને પોતાના કંઠનો કસબ બતાવ્યો...

"દિલને ફિર યાદ કિયા..." કાર્યક્રમની 'ગ્રાન્ડ સકસેસ'નું રહસ્ય હતું. કાર્યક્રમની પૂર્વ તૈયારીમાં પહેલાં ૧૫૦ ગીતોની યાદીમાંથી જહેમતપૂર્વક સૌને મજા પડે તેવાં આખરી ત્રીસ ગોલ્ડન ગીતોની પસંદગી, સૂરીલા ને સૂઝવાળા ગાયક કલાકારો, તથા નિવડેલા - અનુભવી - પરફેકશનના આગ્રહી મ્યુઝિક એરેન્જર - મ્યુઝિક કન્ડકટર શ્રી સંદીપ ક્રિશ્ચિયનની રાહબરી હેઠળ ચુનંદા સાજીંદાઓની સંગત એન્ડ એબાવ ઑલ રસપ્રદ - મોજ પડે તેવી પણ અતિ સંક્ષિપ્ત માહિતીથી બે પ્રસ્તુતિ વચ્ચેનો અવકાશ પૂરવાની કાબેલિયતવાળા ઉદ્ઘોષક - ભાઈ તુષાર જોષીનું પ્રેક્ષકપ્રિય એન્કરીંગ. આવો સુલભ સમન્વય સર્જાય પછી પ્રોગ્રામ હીટ ન બને તો જ નવાઈ.

"દિલને ફિર યાદ કિયા..." માં સોલો ગીતો ગવાયાં તો યાદગાર ડ્યુએટ્સને પણ સમાવાયાં હતા. ગાંધીનગરના કલાપ્રેમીઓ સમક્ષ પ્રથમવાર રજૂ થયેલા હોનહાર અને મૌજ-મોસ્તીલા ગાયક સલીમ મલીકજીએ જીવનની ફિલસુફીથી તરબતર ગીત 'કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર કિસી કા દર્દ મીલ શકે તો લે ઉઠા... કિસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર... જીના ઉસી કા નામ હૈ....' પેશ કરીને સૌને તરબતર બનાવી દીધા... ને એમાં ય પ્રભાકર નાયક રાજકપૂરના વેશ - અદા સાથે ડાન્સ રજૂ કરી ઓર મજા કરાવી ગયા.

'સુવર્ણ સુંદરી'ના મિશ્ર રાગ આધારિત ડ્યુએટ 'કુહુ કુહુ બોલે કોયલીયા... કુંજ કુંજ મેં ભવંરે બોલે...' ની પ્રસ્તુતિમાં ફાલ્ગુની ડૉકટર અને ચિરાગ દેસાઈની જોડીએ જમાવટ કરી. બંને કલાકારોની શાસ્ત્રીય ગાન તાન-પલ્ટા પરની પકડ - સૂઝ સરાહનીય હતી... તો ઉસ્તાદ તબલાવાદક પાર્થ ત્રિપાઠીએ એમનાં આંગળાની પણ કમાલ બતાવી.

ફિલ્મ 'જવેલ થીફ'નું પ્રિયંકા બાસુએ રજૂ કરેલ ગીત હોય કે 'કાલા બાઝાર'નું 'ખોયા ખોયા ચાંદ... ખુલા આસમાન.... બાતો મેં સારી રાત જાયેગી... તુમકો ભી કૈસે નિંદ આયેગી...' એ ચિરાગ દેસાઈએ સંભળાવેલું ગીત હોય... અરે ફાલ્ગુની ડૉકટરે ગાયેલ ફિલ્મ 'દસ્તક' નું કલાસિક સોંગ 'બૈયા ના ધરો... બલમા' હોય... આર્ટીસ્ટોની રેન્જ, કલેરિટી ઓરિજીનલ મ્યુઝિક ટ્રેકની યાદ અપાવી જાય તેવું લાઈવ મ્યુઝિક... આ બધાંના ફળ સ્વરુપ બધાં જ ગીતોએ 'મહેફિલ'ને ચાર ચાંદ લગાવી દીધા.

આવા સરસ 'સોલો' પછી ચિરાગ દેસાઈ - પ્રિયંકા બાસુ પ્રસ્તુત 'એન ઈવનિંગ ઈન પેરિસ'નું ડ્યુએટ 'રાત કે હમસફર....' ને પણ પ્રેક્ષકોની જોરદાર દાદ મળી હતી... જયારે 'કાશ્મીર કી કલી'ના રોમેન્ટિંગ સોંગ "યે ચાંદસા રોશન ચહેરા, જુલ્ફોં કા રંગ સુનહરા...." ચિરાગ દેસાઈએ એ મોજ-મસ્તી ને હરકતોથી ગાયું કે શમ્મી કપૂરની તોફાની અદાઓ - પ્રેક્ષકોના માનસપટલ પર આવી ગઈ...

આગળના દૌરમાં સલીમ મલીક દ્વારા રજૂ થયેલ ફિલ્મ 'સરસ્વતી ચંદ્ર'નું પ્રેમભર્યું દિલને ટાઢક પહોંચાડે તેવું ગીત 'ચંદન સા બદન... ચંચલ ચિતવન...' તથા ફાલ્ગુની બહેનના સ્વરમાં, ડ્રમ-ઢોલકની ધમાકેદાર જુગલબંધી સાથે ગવાયેલું ગીત 'હોઠોં મેં ઐસી બાત મૈં દબાકે ચલી આઈ... ખુલ જાયે યે બાત તો દુહાઈ હૈ દુહાઈ..' ને પ્રેક્ષકોએ 'વન્સમોર... વન્સમોર'ના પોકારોથી વધાવી લીધું હતું.

**નગરના સંગીતપ્રેમીઓ માટે નવા પણ નીવડેલા - જાનદાર ગાયકો સલીમ મલીક, ચિરાગ દેસાઇ, પ્રિયંકા બાસુ અને સૌનાં ચહિતાં ફાલ્ગુની ડોકટરે સદાબહાર ગીતોની રસલહાણ પીરસી કાર્યક્રમને સુપર હીટ બનાવ્યો**

પછી વારો આવ્યો પ્રોગ્રામના સાઈટલ સોંગનો. પ્રિયંકા બાસુ અને સલીમ મલીક, ચિરાગે ગાયું કે 'દિલને ફિર યાદ કિયા... બર્ફીલી લહર આઈ હૈ...'

વળી એક યુગલગીત "આજા આજા મૈં હું પ્યાર તૈરા... આહા.... આ જા..." ને ચિરાગ અને પ્રિયંકાજીના કંઠથી સૌએ મનભરીને માણ્યું...

ફાસ્ટ, રોમેન્ટીક અને કંઈક તોફાની ગીતોની રજૂઆત વચ્ચે નીવડેલા કલાકાર સલીમ મલીકે દર્દભર્યા અવાજમાં મુકેશજીનું 'તિસરી કસમ' ફિલ્મનું ગીત 'સજનવા બૈરી હો ગયે હમાર... ચિઠ્ઠીયા હો તો સબ કોઈ બાંચે... ભાગ ના બાંચે કોઈ...' રજૂ કર્યું ને વાતાવરણમાં ચૂપકી - સન્નાટો - ગમગીની છવાયેલાં જોવા મળ્યાં... સરસ ગાયકી અને સંગીતનો એ પ્રભાવ હતો...

"દિલકે ઝરોંખે મે તુજ કો બિઠાકર..." (ચિરાગ દેસાઈ), "સુનો સજના... પપીહેને કહા સબ સે પુકાર કે... સંભલ જાઓ ચમનવાલોં કે આયે દિન બહાર કે" (ફાલ્ગુની ડોકટર), "વક્ત ને કિયા કયા હસી સીતમ... હમ રહે ના હમ, તુમ રહે ના તુમ..." (પ્રિયંકા બાસુ) પ્રોગ્રામમાં જાન લાવી દી હતો તો ફાલ્ગુની બહેન અને પ્રિયંકા બાસુ પ્રસ્તુત ડ્યુએટ 'તુમ કો પિયા... દિલ દિયા... દાગાબાજ હો...' ભારે દાદ મેળવી ગયું.

આ ઉપરાંત 'મેરા નામ જોકર' ફિલ્મનું સલીમ મલીક દ્વારા ગવાયેલ ગીત 'જાને કહાં ગયે વો દિન...' તથા ચિરાગ દેસાઈએ રજૂ કરેલ ફિલ્મ 'લાલ કિલ્લા'નું ગીત 'રંગ ઓર નૂર કી બારાત કિસે પેશ કરું યે મુરાદોંકી હસી રાત કિસે પેશ કરું..' હૃદયસ્પર્શી બની રહ્યાં હતા.

કાર્યક્રમનાં અંતિમ દૌરમાં પ્રિયંકા બાંસુએ ગાયેલ 'ઉમરાવજાન'ની ગઝલ 'દિલ ચીજ કયા હૈ આપ મેરી જાન લીજીએ... બસ એક બાર...મેરા કહા માન લિજીએ...' ખૂબ સફળ રહી હતી.

ચિરાગ દેસાઈ - ફાલ્ગુની ડૉકટરે 'આ અબ લૌટ ચલે, બાંહે પસારે, દિલ સે પુકારે દેશ મેરા... આજા રે...' તથા પ્રિયંકા અને ચિરાગ દેસાઈએ ગાયેલ ફિલ્મ 'હમદોનોં' ના ગીત "અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં..." ની પ્રસ્તુતિ સાથે કાર્યક્રમ સમાપ્ત થયાની જાહેરાત કરાઈ ત્યારે પ્રેક્ષકો જાણે કહી રહ્યા હતા કે હજી ચાલવા દો... કયોંકી જી અભી ભરા નહીં...!

મૌસમ છલકી રહી હતી ગાંધીનગરમાં કલા-સાંસ્કૃતિક સંસ્થાઓના વર્ષાન્તના આખરી કાર્યક્રમોની... ને તેથી નગરના કલારસીકોને ગાંધીનગર કલ્ચરલ ફોરમનો સુંદર બે દિવસીય 'શિશિરોત્સવ' માણવા મળ્યો... 'કલાગુર્જરી' ના હેમંતકુમાર - કિશોરકુમારનાં યાદગાર ગીતોની સુરોજિત ગુહા દ્વારા સાઉન્ડ ટ્રેક પરની પ્રસ્તુતિના અનદેખા કાર્યક્રમે પણ રંગ રાખ્યો હતો. અને એ પછી શિવરંજની, ગાંધીનગરે પણ જાણે છેલ્લી ઓવરમાં છેલ્લાં બોલમાં વિનિંગ સીકસર - વિનિંગ શોટની જેમ 'દિલ ને ફિર યાદ કિયા' જેવા દિલને બાગ બાગ કરી દેનારા, મનભાવન - અવિસ્મરણીય કાર્યક્રમ પીરસી જૂના મેમ્બર્સને ન્યાલ કરી દીધા તો આવનારા વર્ષમાં આવા ને આથીય વિશેષ કાર્યક્રમ યોજવાનું જાણે કે 'પ્રોમિસ' આપી દીધું છે ત્યારે ગાંધીનગરનાં સંગીતપ્રેમીઓ ઝડપભેર શિવરંજનીનું સભ્યપદ મેળવી લે તે તેમના લાભમાં છે...

પુનઃ 'દિલ ને ફિર યાદ કિયા' ની સરસ મજાની પરિકલ્પના અને તેથીય વધારે મોજીલા કોમ્પેરીંગ માટે ભાઈ તુષાર જોષીને અભિનંદન. ગાયક કલાકારો તથા સંગીત સજાવટ માટે સંદીપભાઈ ક્રિશ્ચિયનને અભિનંદન તથા કાર્યક્રમ જોરદાર બની રહે તે માટે પૂરી જહેમત ઉઠાવનાર પ્રમુખ શ્રી વાગ્મિનભાઈ બૂચ, જયરાજભાઈ સરવૈયા તથા સમગ્ર 'ટીમ શિવરંજની'ને પણ અભિનંદન...